# કાશ્મીરમાં ત્રણ આતંકી હુમલા : ૪ આતંકી ઠાર

**સેનાએ રામબન, ડોડા અને ગાંદરબાલ વિસ્તારમાં એન્કાઉન્ટર : ૧ જવાન શહિદ : આતંકીઓએ ઘરમાં ઘૂસી પરિવારજનોને કેદ કર્યા હતા, એન્કાઉન્ટરમાં બે પોલીસકર્મી ઘાયલ : ૧૨ કલાકમાં જ ૪ ત્રાસવાદી મોતને ઘાટ ઉતારાયા : સુરક્ષા દળો વધુ એલર્ટ : રામબાણ ઉપરાંત ગંદરબાલ જિલ્લામાં એક ત્રાસવાદીને મોતને ઘાટ ઉતારાયો મોટી સંખ્યામાં હથિયારો તેમજ દારુગોળાનો જથ્થો જપ્ત**





શ્રીનગર, તા. ૨૮

જમ્મુ કાશ્મીરના જુદા જુદા વિસ્તારમાં ત્રાસવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે ભીષણ અથડામણ થઈ છે જેમાં ચાર આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. છેલ્લા ૧૨ કલાકના ગાળામાં જ ત્રણ ત્રાસવાદી હુમલા કરવામાં આવ્યા બાદ ભારતના જુદા જુદા રાજ્યોમાં વધારે સાવચેતીના પગલા લેવામાં આવી રહ્યા છે. ૧૨ કલાકમાં ત્રણ આતંકવાદી હુમલામાં ચાર આતંકવાદીઓ માર્યા ગયા છે. એક જવાને પણ પ્રાણોની આહૂતિ આપી છે. રાજયના ગંદરબાલ અને રામબાણ જિલ્લામાં થયેલી ત્રાસવાદી અથડામણમાં જવાનોએ ચાર ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા છે. રામબાણમાં એક પરિવારને બાનમાં પકડી લેવાના પ્રયાસ કરવાના મામલામાં ત્રણ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. રામબાણ ઉપરાંત ગંદરબાલ જિલ્લામાં એક ત્રાસવાદીને ઠાર કરવામાં આવ્યો હતો. જમ્મુ કાશ્મીરના આઈજી મુકેશસિંહે રામબાણના બટોટ અથડામણ અંગે માહિતી આપતા કહ્યું છે કે, તમામ બંધકોને છોડાવી લેવામાં આવ્યા છે. આ અથડામણમાં ત્રણ ત્રાસવાદીઓ માર્યા ગયા હતા જ્યારે સેનાના એક જવાને પણ પ્રાણોની આહૂતિ આપી છે. તમામ બંધકોને છોડાવી લેવામાં આવ્યા છે. પોલીસના બે જવાન પણ ઘાયલ થયા છે. ઓપરેશનને સફળતાપૂર્વક પૂર્ણ કરી લેવામાં આવ્યું છે. સુરક્ષા દળોના કહેવા મુજબ ત્રાસવાદીઓએ એક પરિવારના સભ્યોને બાનમાં પકડી લેવાના પ્રયાસો કર્યા હતા. જો કે, તેમને સફળતા મળી નથી. જવાનોએ આ પરિવારને કોઈ રીતે ઘરમાંથી બહાર કાઢી લીધા હતા. પરિવારને બચાવી લેવામાં આવ્યા બાદ અથડામણ અથડામણ શરૂ થઈ હતી. હવે ત્રણેય ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. જમ્મુ કાશ્મીરના પોલીસ આઈજીએ કહ્યું છે કે, સુરક્ષા દળોએ ત્રણ ત્રાસવાદીઓને ઠાર માર્યા છે. એક સુરક્ષા જવાનનું મોત નિપજ્યું છે. રામબાણ જિલ્લાના બટોટ વિસ્તારમાં ત્રાસવાદીઓએ ભાજપના કાર્યકરના પરિવારના સભ્યોને બાનમાં પકડી લીધા હતા. બાતમી મળ્યા બાદ સેનાની ૨૨ રાષ્ટ્રીય રાયફળ, ૮૪ બટાલિયન સીઆરપીએફ અને જમ્મુ કાશ્મીર પોલીસની એસઓજીની ટીમે આજે જોરદાર ઘેરાબંધી કર્યા બાદ કાર્યવાહી શરૂ કરી હતી અને બાનમાં પકડેલા તમામને સુરક્ષિતરીતે બચાવી લીધા હતા.

એમ માનવામાં આવે છે કે, સાદા વસ્ત્રોમાં ત્રણ ત્રાસવાદીઓ આજે વહેલી પરોઢે બટોટના એક ઘરમાં ઘુસી ગયા હતા અને પરિવારના સભ્યોને બાનમાં પકડી લીધા હતા. આ ઘટના બાદ સેનાના જવાનોએ ખુબ જ સાવચેતીપૂર્વક પરિવારના છ લોકોને બચાવી લીધા હતા ત્યારબાદ અન્ય ઘરોને ખાલી કરાવીને ત્રાસવાદીઓ સામે ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. રામબાણ ઉપરાંત પાટનગર શ્રીનગરમાં ત્રાસવાદીઓએ સુરક્ષા દળો ઉપર ગ્રેનેડ હુમલો કર્યો હતો. જો કે, આમા કોઈ નુકસાન થયું નથી.

ત્રાસવાદી હુમલાઓની વચ્ચે મધ્ય કાશ્મીરના ગંદરબાલમાં આજે એક મોટી અથડામણ થઈ હતી. આ ઓપરેશનમાં એક ત્રાસવાદી ઠાર થયો છે. રામબાણ ઉપરાંત ત્રાસવાદીઓએ શ્રીનગરના ડાઉનટાઉન સ્થિત સફાકદલ વિસ્તારમાં સીઆરપીએફની પેટ્રોલ ટુકડી પર હુમલો કર્યો હતો. જવાનો પેટ્રોલિંગ ઉપર હતા ત્યારે આ હુમલો કરાયો હતો. જો કે, આ હુમલામાં કોઈને કોઈ નુકસાન થયું નથી. સફાકદલના નવા કદલ ચોકમાં આ હુમલો કરાયો હતો. બનાવની જાણ થયા બાદ સેના, પોલીસ અને એસઓજીની ટીમોએ જોરદાર ઓપરેશન હાથ ધર્યુ હતું. રાજ્યમાં બે ત્રાસવાદી હુમલા વચ્ચે ગંદરબાલમાં સુરક્ષા દળોને ત્રાસવાદીઓ છુપાયા હોવાની માહિતી મળી હતી. ભારતીય સેના દ્વારા હાલ જમ્મુ કાશ્મીરમાં એક પછી એક મોટા ઓપરેશન પાર પાડવામાં આવી રહ્યા છે.

# સસ્તા મકાનની લિમિટ ૫૦ લાખ કરાશે

**આર્થિક મંદી છતાં સસ્તા મકાનને લઇને માંગ ખુબ તીવ્ર છે : ટૂંકમાં નિર્ણય : સસ્તા આવાસોની મર્યાદાને ૪૫ લાખથી વધારવા તૈયારી : એનપીએ બનવાના જોખમને ઘટાડી શકાશે : દેશના વિવિધભાગોમાં આવાસ પ્રોજેક્ટો પર કામો**

નવીદિલ્હી, તા. ૨૮

અર્થતંત્રમાં મંદી હોવા છતાં અફોર્ડેબલ હાઉસ એટલે કે સસ્તા મકાન માટે માંગ ખુબ સારી દેખાઈ રહી છે. આર્થિક મંદીની સ્થિતિમાં પણ સસ્તા મકાનની બોલબાલા દેખાઈ રહી છે. આ બાબતની નોંધ લઈને સરકાર અફોર્ડેબલ હાઉસની મર્યાદાને ૪૫ લાખ રૂપિયાથી વધારીને ૫૦ લાખ રૂપિયા કરવાની વિચારણા કરી રહી છે. આ સંદર્ભમાં પીએમઓની સાથે આરબીઆઈની ટૂંક સમયમાં જ વાતચીત થનાર છે. ત્યાંથી લીલીઝંડી મળી ગયા બાદ આ દિશામાં નવા પગલા લેવામાં આવશે. નાણામંત્રી નિર્મલા સીતારામને બેંકોના ઉચ્ચ અધિકારીઓ સાથે હાલમાં જ બેઠક યોજી હતી. હાઉસિંગ ફાઈનાન્સ કંપનીઓને સસ્તા મકાનની પરિભાષામાં ફેરફાર કરવાની માંગ કરવામાં આવી હતી. ૫૦ લાખ રૂપિયા સુધીના મકાનને અફોર્ડેબલ હાઉસની હદમાં લાવવાની માંગ કરવામાં આવી હતી. સુત્રોના કહેવા મુજબ બેંકરોએ કહ્યું છે કે, હાલના સમયમાં સૌથી વધારે લોનની માંગ અફોર્ડેબલ હાઉસિંગ સેક્ટર માટે રહેલી છે. સસ્તા મકાનની મર્યાદાને ૫૦ લાખ રૂપિયા સુધી કરી દેવામાં આવશે તો આનાથી રિયલ એસ્ટેટ સેક્ટરમાં વધારે તેજી આવી શકે છે. બેંકરોએ એમ પણ કહ્યું છે કે, આ સેક્ટરમાં લોન આપવાના મામલામાં રિસ્ક ખુબ ઓછું છે.

# સરકારની દૂધ સંજીવની યોજનાનુ દૂધ નદીમાં ઠાલવ્યું

**વહાવી દેતા વાલીઓમાં આક્રોશ    વાઈરલ થતા ખળભળાટ મચ્યો**



મોડાસા, તા. ૨૮

અરવલ્લી જીલ્લાની સરકારી શાળામાં દૂધ પહોંચાડતી કોન્ટ્રાક એજન્સી અને શિક્ષકોની ઘોર બેદરકારીનો કિસ્સો સામે આવ્યો છે. મેઘરજ તાલુકાની પ્રાથમિક શાળામાં દૂધ સંજીવની યોજના દ્વારા વિદ્યાર્થીઓ માટે આવતું દુધ યોગ્ય વિતરણ વ્યવસ્થાને અભાવે બગડી પણ જતું હોવાની ઘટનાઓ છાસવારે બનતી હોય છે. શાળાના વિદ્યાર્થીઓમાંથી કુપોષણ દૂર થાય અને બાળકોને પોષ્ટિક આહાર મળે તેવા હેતુસર સરકાર દુધ સંજીવની યોજના દ્વારા શાળાઓમાં દૂધ આપે છે, પરંતુ કોન્ટ્રાકટરની બેદરકારી અને શિક્ષકોની નિષ્કાળજીના કારણે દૂધનો આ જથ્થો બગડી જતો હોવાનું મેઘરજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ચર્ચાઈ રહ્યું છે.

સોશ્યલ મીડિયામાં વાઈરલ થયેલા વીડિયોના દ્રશ્યોમાં જોઈ શકાય છે કે જે દૂધનું કેરેટ ભરેલ વાહનમાંથી દૂધ સંજીવની યોજના દૂધના જથ્થાને નદીમાં વહેવડાવીને નાશ કરવામાં આવે છે. બાળકોના પેટમાં જવાના બદલે અમૃત સમાન દૂધ નદીમાં જોવા મળી રહ્યો છે.

મેઘરજ તાલુકાના અંતરિયાળ વિસ્તારોમાં કોઈ કહેનાર ના હોય તેમ બાળકોના કુપોષણને દૂર કરવા અને કુપોષણ અટકાવવા દૂધ સંજીવની યોજના અંતર્ગત પુરા પાડતા દૂધના પાઉચ નદીમાં વહેડાવી દેવામાં આવે છે જેનો વિડીયો સોશ્યલ મીડિયામાં છે. દૂધ સંજીવની યોજનામાં પૂરું પાડવાનું કામકાજ કરતી ખાનગી કોન્ટ્રાક કંપની જવાબદાર તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓના છુપા આશીર્વાદથી કેટલીક શાળાઓમાં તો દૂધ જ પહોંચાડતી ન હોવાની સાથે બપોર પછી દૂધ પહોંચાડવામાં આવતું હોવાનું વાલીઓમા ચર્ચાઈ રહ્યું છે.

## પ્રાંતિજના ધડકણ ખાતે ખૈલેયાઓ માટે નવરાત્રીની તૈયારીઓ જોરશોરથી

પ્રાંતિજ, તા. ૨૮

નવરાત્રીના આડે થોડાક જ કલાકો બાકી છે ત્યારે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના ધડકણ ખાતે નવરાત્રી યુવક મંડળ દ્વારા નવરાત્રી ચોકમાં વરસતા વરસાદમાં પણ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

યુવા હૈયા સહિત યુવાધન જેની આતુરતાપૂર્વક રાહ જોઈને



બેઠાં હતા. તે નવરાત્રીના આડે થોડાક જ કલાકો બાકી છે. ત્યારે આ વર્ષે મેઘરાજા પણ જાણે નવરાત્રીમાં ખેલ પહોંચાડવાના હોય તેમ મોડે મોડે જિલ્લા સહિત તાલુકામાં વરસાદી ઝાપટાં વરસાવતા જોવા મળી રહ્યાં છે. વરસાદને લઈને ગરબા રસિકોમાં નિરાસા જોવા મળી રહી છે. ધડકણ ખાતે વરસતા વરસાદમાં પણ ધડકણ નવરાત્રી યુવક મંડળ અને એસ.પી.જી. ટીમ તથા ગામના યુવાનો નવરાત્રી ચોકની તૈયારીઓમાં લાગી ગયા છે. નવરાત્રી ચોકમાં વરસાદને લઈને કીચડ થતાં ટેકટરો ટ્રેક્ટરો મારફતે રેતી ઠાલવવા આવી રહી છે અને નવરાત્રી ચોકને વરસતા વરસાદમાં પણ તૈયાર કરવામાં આવી રહ્યો છે.

# આજથી ઊંઝામાં નવરાત્રીની ઉલ્લાસભેર ઉજવણી થશે

ઊંઝા, તા. ૨૮

નવરાત્રી એટલે નવ રાત્રીનો સમૂહ આ દિવસો અને રાત્રીઓમાં દૈવીશક્તિ, નવદુર્ગાની પૂજા-અર્ચના, ભક્તિ થાય છે. જેથી ગુજરાતમાં આસો સુદ એકમથી નોમ સુધીના શક્તિ ઉપાસનાના પર્વ નવરાત્રીનું મહત્વ વિશેષ હોઈ નવેનવ દિવસ આ તહેવાર ઉત્સાહ ઉમંગ અને ભક્તિભાવપૂર્વક હોંશે હોંશે દેશભરમાં ઉજવાય છે. ગુજરાત, મહારાષ્ટ્ર, બંગાળમાં નવરાત્રીનું ખાસ મહત્વ છે. પરંતુ વિદેશમાં વસતા ગુજરાતીઓ પણ નવરાત્રી પર્વની ઉજવણી કરે છે.

આદ્યશક્તિ મા અંબા, બહુચર, ચામુંડા, દુર્ગા, કાળી ખોડીયાર, ભદ્રકાળી, બ્રહ્માણી, આશાપુરી, અન્નપુર્ણા, બુટભવાની, માતંગી, ભુવનેશ્વરી, માતભવાની, ભવાની, મેલડી, ઉમિયા, હરસિદ્ધિ, સંતોષીમા, અનસૂયા, સરસ્વતી, લક્ષ્મી, ગંગા, ગાયત્રી, વાઘેશ્વરી, નર્મદા, કનકેશ્વરી, જોગેશ્વરી, ચેહરમા, અર્બુદા વગેરે અનેક દેવીઓની સ્તુતિ, પ્રાર્થના, આરાધના કરવામાં આવે છે.

નવરાત્રીના પ્રારંભે પહેલા ઠેર ઠેર નાની મટુકીએ કે ઘડા, ઘડુલીઓ વેચાય છે, આમાં નાના છિદ્રો હોય છે. કેટલીક માટલીઓ રંગબેરંગી બનાવેલી હોય છે. તેમાં પણ છિદ્રો કરેલા હોય છે. કુંભારીયા પ્રજાપતિના ઘરેથી કે બજારોમાંથી લાવેલ આ માટીની વસ્તુની કિંમત રૂપિયામાં હોય છે. આમાં માટીની સાથે તાંબાની ધાતુના ગરબા પણ હોય છે. તેમાં શ્રદ્ધા પ્રેમ અને ભક્તિનો ભાવ આવતા તે ગરબો કે ગરબી બની જાય છે અને તે અલૌકિક સ્થાન ધરાવે છે. આમાં ધર્મનું આરોપણ થાય છે.

આ ગરબામાં દિવડો મુકવામાં આવે છે. જે એક જગ્યાએ મુકી નવ દિવસ સુધી તેની ઉપાસના થાય છે. સવારે અને સાંજે માતાજીની આરતી ઉતારવામાં આવે છે. માતાજીના મંદિરોને રોશનીથી શણગારાય છે. પોળો, મહોલ્લા, શેરીઓમાં ગરબાના પ્રતિકરૂપે માંડવી કાઢવામાં આવે છે. મંદિરોમાં રોજ ફૂલો, અગરબત્તી, ધુપ, અત્તાર, દિપમાળા વગેરેથી પવિત્રતા વધારાય છે.

જો કે હવે વર્તમાન આધુનિક યુગમાં ગરબાઓ આધુનિક બની ગયા છે. જેથી શેરી, મહોલ્લા કે પોળોના ગરબા સામાન્ય બની ગયા છે. ગરબા, માંડવીઓના મોટાપાયે આયોજનો થવા માંડ્યા છે. જાણીતા કલાકારો, ગાયકો, વાદ્યવૃંદોની બોલબાલા વધી જવા પામી છે. આની પાછળ મોંઘાદાટ ખર્ચાઓ થાય છે. ટૂંકમાં પ્રાચિન ગરબાએ આધુનિક સ્વરૂપ ધારણ કરી લીધુ છે. અસલ ભક્તિ જાણે લુપ્ત થતી જાય છે. ગરબા ગાવામાં હવે જૂના ઢાળના બદલે ફિલ્મી ઢાળમાં પરિવર્તન થયુ છે. સંગીત પણ દેશીમાંથી આધુનિક બની ગયુ છે. અસલ ગરબા જોવા મળતા નથી. માતાજીની ભક્તિના નામે કેવળ મોજ મસ્તી થઈ ગઈ હોય તેમ જણાય છે.

### ખેંડેરી સબમરીન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તે ભારતની બીજી સ્કાર્પિયન વર્ગની મારક સબમરીન છે. જેનેં-૧૭ શિવાલિક વર્ગના યુદ્ધ જહાજ સાથે નેવીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ ખાસ પ્રસંગે રક્ષામંત્રી રાજનાથસિંહ હાજર રહ્યા હતા.

સાઈલન્ટ કિલર તરીકે ઓળખાતી આઈએનએસ ખંડેરી પાણીમાં દુશ્મન પર સૌથી પહેલા હુમલો કરવાવાળી કલવરી શ્રેણીની બીજી ડીઝલ-ઈલેક્ટ્રિક સબમરીન છે. નેવીમાં તેનો સમાવેશ થવાથી હવે સમુદ્ર માર્ગે દુશ્મન દેશ ભારત તરફ આંખ ઉઠાવીને જોવાની પણ હિંમત નહીં કરી શકે. ૩૦૦ કિલોમીટર દૂર આવેલા દુશ્મનના જહાજને નષ્ટ કરવાની ક્ષમતા ધરાવનારી આઈએનએસ ખંડેરી સબમરીન દુશ્મનો માટે કાળ સ્વરૂપ છે.

### ઝાપટા વરસ્યા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થતા નભ તરફ નજર માંડીને બેસે છે. મેઘરાજા હવે તો ખમૈયા કરો ગરબા , ત્રણ તાળી ,દોઢીયુ , હીંચ રમવા ખૈલેયાઓના પગ થિરકી રહ્યા છે. પરંતુ મેઘરાજા મેદાન પર કબજો જમાવીને બેઠા છે ત્યારે નવલી નવરાત પર્વની ઉજવણીમાં વરસાદ રંગમાં ભંગ ન પાડે તેવુ સૌ કોઈ ઈચ્છી રહ્યા છે.આજે પણ વરસાદી વાદળો વરસવાનુ ચુક્યા ન હતા દિવસ દરમિયાન સતત રીમઝીમ વરસાદ વરસ્યો હતો. મોડી સાંજે અને રાત્રિના સમયે પણ વરસાદી નઝારો નિખર્યો હતો.

### પ્રકલ્પનો પ્રારંભ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તુમાર, બિનખેતી અને ધક્કાએ મહેસુલ પરિવાર માટે ચર્ચામાં હતાં, તેવું કહી મંત્રી કૌશિકભાઇ પટેલે જણાવ્યું હતું કે, મહેસુલી કામોમાં સરળીકરણ લાવવા માટે આ સરકારમાં મહત્તમ પ્રયત્ન કરવામાં આવ્યો છે. તેમજ આ સરકાર દ્વારા પ્રજાના કામો ઝડપી થાય તે માટે રાજયના મુખ્યમંત્રી સી.એમ.ડેસ્ક થકી ૨૬ વિભાગની ૩૩ ટકાથી વધુ બાબતોની ફાઈલોનું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. ગાંધીનગર જિલ્લા મહેસુલી પરિવાર દ્વારા એપ્રિલ-૨૦૧૬થી અત્યાર સુધીમાં ૨ લાખ ૮૮ હજાર કરતાં વિવિધ રજૂઆતો મળી હતી. જેમાંથી ૨ લાખ ૮૪ હજાર રજૂઆતોનું હકારાત્મક નિરાકરણ લાવવામાં આવ્યું છે, તે કામની પ્રસંશા પણ વ્યક્ત કરી હતી. આ ઉમદા કામગીરી બદલ મહેસુલી પરિવારને અભિનંદન પણ પાઠવ્યા હતા.

સમારોહના પ્રારંભે જિલ્લાના સમાહર્તા એસ.કે. લાંગાએ મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પિત થયેલ પંચકલ્યાણ સેવાઓની વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું કે, રાજયની તાકાતને પ્રજાની તાકાત બનાવવાના મુખ્યમંત્રીના અભિગમમાં કોઈપણ બાબતમાં પ્રજા અગ્રસ્થાને છે. જિલ્લા સેવાસદનમાં ઉભા કરાયેલ એરકંન્ડિશન જનસેવા કેન્દ્રમાં ડિજિટલ આધુનિક વ્યવસ્થાથી કાર્ય કરવાની સાથે ઓનલાઈન સિસ્ટમથી પ્રજાના કામો ઝડપી થશે.

તેમણે ઉમર્યું કે જિલ્લાના દિવ્યાંગો માટે ૨૨ જેટલા સર્વે કેમ્પ યોજીને ૪,૨૬૧ લાભાર્થી શોધ્યા છે. જેમને ઓકટોબર માસમાં સાધન-સહાય અપાશે. રાજય સરકારે શ્રવણતીર્થ યાત્રા અમલમાં મુકી છે, ત્યારે ગાંધીનગર જિલ્લાના વરિષ્ઠ નાગરિકોને ૫૦ ટકા ભાડાથી યાત્રા કરાવવાની યોજનામાં જિલ્લામાં દાતાઓના સહયોગથી ૧૩ લકઝરી બસના ૬૫૦ વયોવૃદ્ધ યાત્રિકોને વિનામૂલ્યે તીર્થયાત્રા માટે રવાના કર્યા છે.

રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા ગાંધીનગર કલેકટર કચેરી ખાતે નિર્માણ કરવામાં આવેલ એરકંડીશન્ડ સુવિધાજનક આધુનિક જનસેવા કેન્દ્ર અને મોડેલ સબ રજિસ્ટ્રાર કચેરીનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીએ જનસેવા કેન્દ્ર અને સબ રજિસ્ટ્રાર કચેરીની મુલાકાત લઈ તેની માહિતી પણ મેળવી હતી. તે ઉપરાંત ગાંધીનગર જિલ્લાની પહેલ પોષણ સેતું, વૃદ્ધો-વિકલાંગો-બાળકો અને મહિલા સહિત સંપૂર્ણ સુરક્ષા, આરોગ્ય અને સલામતિ 'હેલ્લો એસ.ઓ.એસ'નો પણ મુખ્યમંત્રીના હસ્તે શુભારંભ કરવામાં આવ્યો હતો. તેની સાથે મુખ્યમંત્રીના હસ્તે 'તીર્થદર્શનયાત્રા' થકી ૧૩ જેટલી લકઝરી બસોમાં જિલ્લાના વયાશ્રીઓને ગુજરાતના યાત્રાધામોની લકઝરીઓનું પ્રસ્થાન અને ઓપન હાઉસ અંતર્ગત ૨૫૦ જેટલા મહેસુલી સેવાઓના હુકમોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે આભારવિધિ કરી હતી.

આ કાર્યક્રમમાં ગાંધીનગરના મેયર શ્રીમતી રીટાબેન પટેલ, ધારાસભ્ય શંભુજી ઠાકોર, મહેસુલ તપાસણી કમિશનર આર.જે. માંકડીયા, પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ, પૂર્વ મંત્રી વાડીભાઈ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ નૈલેશભાઈ શાહ, શહેર ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર ડાં. રતનકંવર ગઢવીચારણ, જિલ્લા પોલીસ વડા મયૂર ચાવડા, નિવાસી અધિક કલેકટર એચ.એમ. જાડેજા સહિત મોટી સંખ્યામાં મહાનુભવો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

### નોરતાનો પ્રારંભ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સુશોભિત કલ્ચરલ ફોરમના ગરબા મેદાનમાં પણ અંબાજીથી માતાજીની દિવ્ય જયોતનુ આજે પ્રસ્થાપન કરાશે. વરસાદી વિઘ્ન વચ્ચે પણ ખૈલૈયાઓ ગરબે ઘુમવા થિરકી રહ્યા છે.

નવદુર્ગાના નવરાત પર્વનો આજથી પ્રારંભ થશે. નવદુર્ગાની નવરાતમાં નવયૌવન ગરબે ઘુમવા સજ્જ થઈ ગયુ છે. વરસાદી વાતાવરણ યથાવત છે. જયારે વરસાદી ઝાપટા વચ્ચે ગરબા મેદાનને આખરી ઓપ આપવાનુ કામ ચાલી રહ્યુ છે. સેકટરોમાં શેરી ગરબાની ઉજવણી માટે પણ તડામાર તૈયારીઓ કરવામાં આવી છે. ગરબા રસિકો અને ખૈલેયાઓ ગરબે ઘુમવા માટે ઉત્સુક છે. શહેરના સેકટરોમાં ઉજવાતા નવરાત પર્વમાં રંગબેરંગી રોશની અને રંગોળીનો વિશેષ શણગાર કરવા માટે પણ ભાવિકો ઉત્સુક છે. જયારે સંસ્થાકીય ગરબા મહોત્સવમાં પણ શહેરમાં વિવિધ ત્રણથી ચાર જગ્યાએ ભવ્ય ગરબા મહોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા સંસ્થાના રજત જયંતિ મહોત્સવની ઉજવણીના ભાગરૂપે નવરાત્રિ મહોત્સવની ઉજવણી વધુ દિવ્ય અને ભવ્ય રીતે કરવામાં આવશે. સંસ્થા દ્વારા લહેરાતી ધ્વજાના થીમ પર નવરાત્રિ મહોત્સવની ઉજવણી કરાશે. જય અંબે પરિવાર દ્વારા અંબાજીથી લાવવામાં આવેલી જયોતનુ પણ સ્થાપન કરવામાં આવશે.ગરબા મેદાનમાં ૭ હજાર ખૈલેયાઓ રમી શકે અને ૧૫ હજાર ખૈલેયાઓ બેસીને ગરબા નિહાળી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.હાલ ગરબા મેદાનને તૈયાર કરવા માટે આખરી તબક્કાની કામગીરી ચાલી રહી છે. બીજીતરફ આ વર્ષે નવરાતના પર્વ પુર્વે સતત વરસાદ વરસતા ખૈલેયાઓ અને ગરબા મહોત્સવના આયોજકોમાં ચિંતાનુ મોજુ ફરી વળ્યુ છે. આજે પણ દિવસ દરમિયાન વાદળિયુ વાતાવરણ યથાવત રહ્યુ હતુ જયારે વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી ઝાપટા વરસ્યા હતા. સતત વરસાદી ઝાપટાના લીધે ગરબા મેદાન પર વરસાદી પાણીના ભરાવા સાથે કાદવ કિચ્ચડ જોવા મળી રહ્યો છે. ત્યારે આગામી દિવસોમાં પણ વરસાદ નવરાત પર્વની ઉજવણીમાં વિલન બનશે તેવો ભય પણ ગરબા પ્રેમીઓ સહીત સૌ કોઈને સતાવી રહ્યો છે. આજથી નવલા નવરાત પર્વના પ્રારંભે માતાજીના સ્થાપન અને પુજન સાથે આરતી સહીતના ધાર્મિક કાર્યક્રમો યોજાશે. સાંજ ઢળતા જ ગરબા મેદાનમાં ઓજસ પથરાશે. રંગબેરંગી રોશની વચ્ચે શેરીઓમાં ગરબાની રંગત જામશે. નવરાત્રિ પર્વની આખુ વર્ષ રાહ જોતા યુવક યુવતિઓ પણ નવલી નવરાતના પ્રારંભે હર્ષની લાગણી અનુભવી રહ્યા છે નવરાતના ઓવારણા લેવા માટે નગરજનો ઉત્સુક છે. બીજીતરફ વાદળોથી ભરેલો આકાશી નઝારો ચિંતાનુ કારણ બન્યો છે. આસોની અજવાળી રાતના ભણકારા વાગી રહ્યા છે. ત્યારે આકાશમાં રોજ થતી વાદળ ગર્જના અને વિજળીના ચમકારા વચ્ચે પણ ખૈલેયાઓ ગરબાની મજા માંણવાના મુડમાં છે. શહેરના સેકટરોમાં શેરી ગરબાની પણ વિશેષ બોલબાલા છે. જો કે આ વર્ષે સે-૨૨ શોપિંગના વેપારીઓ દ્વારા શેરી ગરબાનુ આયોજન કરવામાં આવ્યુ નથી. બીજીતરફ સે-૪ માં પણ દર વર્ષે ભવ્ય શેરી ગરબાનુ આયોજન કરવામાં આવે છે. પરંતુ સેકટરમાં આ વર્ષે સાદગીપુર્વક નવરાત્રિ પર્વની ઉજવણીનુ આયોજન કરાયુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧